**સેશન્સ કેસ નંબરઃ- ૮૩/૨૦૧૬**

**આંક -૧૫૧**

| સેશન્સ કેસ નંબરઃ- ૮૩/૨૦૧૬ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 18 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | દિલીપભાઈ ચમનજી ઉમટ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9067744818 |
| ઉંમર આશરે | ૩૫ | વરસની | ધંધો | ડ્રાઈવીંગ |
| રહેવાનુ | અંબિકાનગર ડીસા , તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) આજથી દશેક વર્ષ પહેલા કુવારા સર્કલ ડીસા ખાતે હું ઉભો હતો ત્યારે પોલીસે મારી એક કાગળમાં મારી સહી લીધેલી. તે કાગળમાં કશુ લખેલુ હતુ કે કેમ તેની મને ખબર નથી.પંચનામાની વિગતે હું કશુ જાણતો નથી. બીજા પંચ કોણ હતા તેની મને ખબર નથી. હું કોઈ શૈલેષજી દીવાનજી ઠાકોર રહે.વિસનગર જી.મહેસાણાવાળાઓને ઓળખતો નથી. પોલીસે મારી હાજરીમાં આવો કોઈ વ્યકિત બતાવેલ નથી. તેણે મારી હાજરીમાં કોઈ મોબાઈલ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે મને કોઈ પંચનામા વિશે સમજ કરેલી નથી.

મને આંક:૧૫૦વાળું આરોપીની શરીર સ્થિતી તથા મુદામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું.

**હોસ્ટાઈલ**

સાહેદની સહી.............................

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે, તા.૩૦/૮/૨૦૧૬ના રોજ સાંજના ચાર થી સાડા ચાર વાગ્યાના સુમારે પોલીસે અમો પંચ તરીકે પોલીસના બોલાવાથી ડીસા તાલુકા પો.સ્ટે.મા હાજર થયેલા. ત્યાં પોલીસે અમોને એક ઈસમ બતાવેલ જેનું નામ ઠામ અમો પંચોની હાજરીમાં પુછતા પોતાનુ નામ શૈલેષજી દીવાનજી ઠાકોર રહે.વિસનગર જી.મહેસાણાવાળાઓ હોવાનું જણાવેલ હતુ તેણે શરીરે બલ્યુ કલરની નાઈટી અને સફેદ શર્ટ પહેરેલો હતો. તેણે અમો પંચોની હાજરીમાં પુછપરછ કરતા પોતે આરોપી કલ્પેશ પટેલના સંપર્કમાં હતો. તેણે અમો પંચોની હાજરીમાં કાળા કલરનો ઈન્ટેલ કંપનીનો મોબાઈલ જેનો ઈ.એમ.આઈ.નં.૪૮૩૮૫ તેમજ ૪૮૩૯૩ હતો. જે મોબાઈલ અમો પંચોની હાજરીમાં કબજે કરેલો. અમો પંચોની હાજરીમાં આરોપીની અંગ જડતી કરતા બીજી કોઈ ચીજ વસ્તુ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે સદર પંચનામું મારી હાજરીમાં થયેલ હોવા છતાં આરોપીને બચાવવા સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**<u>આરોપીનં.૧,૩,૪ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..ડી.જે.તિવારી..</u>**

(૨) ઉલટતપાસ નથી.

**<u>આરોપીનં.૫ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..એ.એસ.ચાવડા..</u>**

સાહેદની સહી..........................

(૩) એ વાત ખરી છે કે મે તૈયાર કાગળ પર સહી કરેલી. તે સિવાય હુ કશુ જાણતો નથી.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની**

**આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા | (કુ.એસ.એમ.કાનાબાર) |
| તા. ૧૯/૦૧/૨૦૨૬ | ૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................